# NEET

## દ્રવ્યના ગુણધર્મો

## 7

**વિભાગ A**

- નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 4 ગુણ) **[120]**

**1.** $r$ ત્રિજ્યાનો સ્ટીલનો નાનો ગોળો $\eta$ શ્યાનતા ગુણાંક ધરાવતા પ્રવાહીમાં $V_r$ અંતિમ વેગથી મુક્ત પતન કરે છે. જો ગોળાનો અંતિમ વેગ તેના દળ પર આધારિત હોય, તો નીચેનામાંથી કયો સંબંધ પારિમાણિક રીતે સાચો છે ?

(A) $V_r \propto \dfrac{mgr}{\eta}$ (B) $V_r \propto mg\eta r$ (C) $V_r \propto \dfrac{mg}{r\eta}$ (D) $V_r \propto \dfrac{\eta mg}{r}$

**2.** એક તળાવના તળિયેથી પાણીની સપાટી સુધી ગતિ કરતાં હવાના પરપોટાનું તાપમાન બદલાતું નથી પણ તેનો વ્યાસ બે ગણો થાય છે. જો પાણીની સપાટી પર બેરોમેટ્રીક ઊંચાઈ $h$ (પારાની સાપેક્ષ ઘનતા $\rho$ ના સંદર્ભમાં) હોય તો તળાવની ઊંડાઈ ........ હશે.

(A) 8 h (B) 7 h (C) 9 h (D) 12 h

**3.** શુદ્ધ પાણી અને શુદ્ધ ગ્લાસ વચ્ચેનો સંપર્કકોણ ....... હોય છે.

(A) 0° (B) 45° (C) 90° (D) 135°

**4.** જે ઘન પદાર્થો દૃશ્ય પ્રકાશ માટે પારદર્શક હોય અને જેની વાહકતા, તાપમાન સાથે વધતી હોય તેમના બંધારણમાં ......... હોય છે.

(A) વાન્-ડર-વાલ્સ બંધ (B) ધાત્વિક બંધ (C) આયનિક બંધ (D) સહસંયોજક બંધ

**5.** $m$ દળ અને A આડછેદના ક્ષેત્રફળવાળા એક લંબચોરસ બ્લૉકને $\rho$ ઘનતાવાળા પ્રવાહી પર મૂકેલ છે. જો તે તેની સંતુલન સ્થિતિમાંથી થોડું ઊર્ધ્વસ્થાનાંતર આપતા T આવર્તકાળથી દોલન કરે તો .......

(A) $T \propto \dfrac{1}{\sqrt{A}}$ (B) $T \propto \dfrac{1}{\sqrt{\rho}}$ (C) $T \propto \dfrac{1}{\sqrt{m}}$ (D) $T \propto \sqrt{\rho}$

**6.** એક શ્યાન પ્રવાહીમાં સોનાના ગોળાનો અંતિમ વેગ $0.2\ ms^{-1}$ છે. (સોનાની ઘનતા $19.5\ kg\ m^{-3}$, પ્રવાહીની ઘનતા $1.5\ kg\ m^{-3}$ છે.) તો તેટલા જ પરિમાણવાળા ચાંદીના ગોળાનો તે જ પ્રવાહીમાં અંતિમ વેગ કેટલો ? (ચાંદીની ઘનતા $10.5\ kg\ m^{-3}$ છે.)

(A) $0.2\ ms^{-1}$ (B) $0.4\ ms^{-1}$ (C) $0.133\ ms^{-1}$ (D) $0.1\ ms^{-1}$

**7.** એક બરણીમાં એકબીજા મિશ્રિત ન થઈ શકે તેવાં તથા $\rho_1$ અને $\rho_2$ ઘનતાવાળા બે પ્રવાહી ભરેલા છે. આ બરણીમાં $\rho_3$ ઘનતાવાળો ગોળો નાખતાં તે આકૃતિમાં બતાવ્યા મુજબ સમતોલનમાં રહે છે, તો નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) $\rho_1 < \rho_3 < \rho_2$

(B) $\rho_3 < \rho_1 < \rho_2$

(C) $\rho_2 < \rho_3 < \rho_1$

(D) $\rho_1 < \rho_2 < \rho_3$




**8.** એક નક્કર ગોળાનું કદ V છે અને તેના દ્રવ્યની ઘનતા $\rho_1$ છે. તે $\rho_2$ ઘનતાવાળા પ્રવાહીમાં મુક્ત પતન કરે છે. $(\rho_2 < \rho_1)$ જો પ્રવાહી દ્વારા ગોળા પર લાગતું શ્યાનતાબળ ગોળાના વેગના સમપ્રમાણમાં હોય, તો ગોળાનો અંતિમ વેગ કેટલો હશે ?

(A) $\dfrac{Vg(\rho_1 - \rho_2)}{k}$ (B) $\sqrt{\dfrac{Vg(\rho_1 - \rho_2)}{k}}$ (C) $\dfrac{Vg\rho_1}{k}$ (D) $\sqrt{\dfrac{Vg\rho_1}{k}}$

**9.** એક કેશનળી – A ને પાણીમાં ડૂબાડેલી છે. સમાન વેહવાળી બીજી કેશનળી – B ને સાબુના પાણીમાં ડૂબાડેલી છે, તો નીચેના પૈકી

GYAN GATHA EDUCATION IS EMPOWERMENT

કઈ આકૃતિ પ્રવાહીઓના સ્તંભની સાચી સ્થિતિ દર્શાવે છે ?

(A)



(B)



(C)



(D)



10. સાબુના પાણી સાથેના દ્રાવણનું પૃષ્ઠતાણ $0.03\ Nm^{-1}$ છે. સાબુના પાણી વડે બનતા પરપોટાની ત્રિજ્યા 3 cmથી વધારીને 5 cm કરવા માટે કેટલું કાર્ય કરવું પડે ?

(A) $0.2\ \pi mJ$ (B) $2\ \pi mJ$ (C) $0.4\ \pi mJ$ (D) $4\ \pi mJ$

11. $8 \times 10^{-3}m$ વ્યાસવાળા નળમાંથી પાણી સતત વહે છે. નળમાંથી બહાર નીકળતી વખતે પાણીનો વેગ $0.4\ ms^{-1}$ છે. નળની નીચે $2 \times 10^{-1}m$ અંતરે પાણીના પ્રવાહનળીનો વ્યાસ કેટલો હશે ?

(A) $7.5 \times 10^{-3}m$ (B) $9.6 \times 10^{-3}m$ (C) $3.6 \times 10^{-3}m$ (D) $5 \times 10^{-3}m$

12. $r$ ત્રિજ્યાવાળા પારાના બે ટીપાં ભેગા થઈને એક મોટુ ટીપુ બનાવે છે. જો પારાનુ પૃષ્ઠતાણ T હોયતો ટીપાંની પૃષ્ઠ ઊર્જા કેટલી થશે ?

(A) $2^{\frac{5}{3}}\pi r^2T$ (B) $4\pi r^2T$ (C) $2\pi r^2T$ (D) $2^{\frac{8}{3}}\pi r^2T$

13. એક પાણી ભરેલી ટેન્કમાં એક લોખંડના ગોળાનું મુક્ત પતન કરતાં ગોળાનો ટર્મિનલ વેગ $v = 10\ cms^{-1}$ મળે છે. લોખંડની ઘનતા $\rho = 7.8\ gcm^{-3}$, પાણીનો શ્યાનતા ગુણાંક $\eta = 8.5 \times 10^{-4}\ p_as$ છે. આ જ ગોળાને આપેલ ટેન્કમાં ગ્લિસરીનમાં મુક્ત પતન કરાવવામાં આવે તો ગોળાનો ટર્મિનલ વેગ કેટલો થશે ? ગ્લિસરીન માટે ઘનતા $\rho = 12g\ cm^{-3}$ અને $\eta = 1.32\ kgm^{-1}s^{-1}$ છે.

(A) $1.6 \times 10^{-5}\ cms^{-1}$ (B) $6.25 \times 10^{-4}\ cms^{-1}$ (C) $6.45 \times 10^{-4}\ cms^{-1}$ (D) $1.5 \times 10^{-5}\ cms^{-1}$

14. W વજન અને $\rho$ ઘનતાવાળો પદાર્થ $\rho_1$ ઘનતા ધરાવતા પ્રવાહીમાં તરે છે. આ પદાર્થનું દેખીતું વજન કેટલું થશે ?

(A) $W(\rho - \rho_1)$ (B) $\frac{\rho - \rho_1}{W}$ (C) $W(\rho_1 - \rho)$ (D) $W\left(1-\frac{\rho_1}{\rho}\right)$

15. સમાન દ્રવ્યમાંથી બનાવેલ બે તાર A અને B છે. તેમની લંબાઈઓનો ગુણોત્તર 1 : 2 અને વ્યાસનો ગુણોત્તર 2 : 1 છે. જો તેમને એકસરખા બળથી ખેંચવામાં આવે તો તેમની લંબાઈઓનો ગુણોત્તર ........ થશે.

(A) 2 : 1 (B) 1 : 4 (C) 1 : 8 (D) 8 : 1

16. Y યંગ મોડ્યુલસવાળા એક સ્થિતિસ્થાપક પદાર્થને S પ્રતિબળ અસર નીચે ખેંચવામાં આવે તો તે પદાર્થના એકમ કદ દીઠ સંગ્રહિત સ્થિતિસ્થાપકીય સ્થિતિઊર્જા ......... થશે.

(A) $\frac{YS}{2}$ (B) $\frac{S^2Y}{2}$ (C) $\frac{S^2}{2Y}$ (D) $\frac{S}{2Y}$

17. એકમ વાતાવરણ દબાણ દીઠ પાણીની દબનીયતા $4 \times 10^{-5}$ છે. $100\ cm^3$ કદના પાણી પર 100 વાતાવરણ જેટલું દબાણ લગાડતા પાણીના કદમાં થતો ઘટાડો ........ થશે.

(A) $0.4\ cm^3$ (B) $4 \times 10^{-5}\ cm^3$ (C) $0.025\ cm^3$ (D) $0.004\ cm^3$

18. બર્નુલીનું સમીકરણ .......... રાશિનું સંરક્ષણ કરે છે.

(A) ઊર્જા (B) રેખીય વેગમાન (C) કોણીય વેગમાન (D) દળ

19. પારાના બે નાના બુંદ ભેગા મળીને R ત્રિજ્યાનું મોટુ બુંદ બને છે. મોટુ બુંદ રચાતા પહેલા અને રચાયા પછી પૃષ્ઠઊર્જાઓનો ગુણોત્તર .......... હશે.

(A) $1:2^{\frac{1}{3}}$ (B) $2^{\frac{1}{3}}:1$ (C) 2 : 1 (D) 1 : 2

**20. એક લાંબા ગ્લીસરીનના સ્તંભમાં 1 *mm* વ્યાસની સીસાની ગોળી મુક્ત પતન કરે છે. ગોળીનો વેગ અંતર સાથે નીચેના પૈકી કયા આલેખ દ્વારા દર્શાવાય છે ?**

(A) 


(B) 


(C) 


(D) 


**21. M દળ અને R ત્રિજ્યાવાળો ગોળો શ્યાન પ્રવાહીમાં મુક્ત પતન કરે તો તેને પ્રાપ્ત કરેલ ટર્મિનલ વેગ .......... ના સમપ્રમાણમાં હોય છે.**

(A) $R^2$ (B) R (C) $\frac{1}{R}$ (D) $\frac{1}{R^2}$

**22. નીચેનામાંથી એમોરફસ(ગ્લાસી) પદાર્થ .......... છે.**

(A) ગ્લાસ (B) હીરો (C) મીઠુ (D) ખાંડ

**23. પદાર્થ પર અચળ કદ પ્રતિબળ લાગતાં, તેનાં કદમાં આંશિક ફેરફાર (કદ વિકૃતિ) $\frac{\Delta V}{V}$ અને બલ્ક મૉડ્યુલસ (B) વચ્ચેનો સંબંધ ..........**

(A) $\frac{\Delta V}{V} \propto B$ (B) $\frac{\Delta V}{V} \propto \frac{1}{B}$ (C) $\frac{\Delta V}{V} \propto B^2$ (D) $\frac{\Delta V}{V} \propto B^{-2}$

**24. આકૃતિમાં દર્શાવ્યા મુજબ D વ્યાસવાળા એક પાત્રમાં પ્રવાહી ભરેલ છે. તેમાં *d* વ્યાસ (D >> *d*) ની કેન્ડલ તરે છે. જો તે 2 સેમી/કલાકના દરથી બળતી હોય તો કેન્ડલની ટોચની ઊંચાઈ. . .**

(A) એકસરખી ઊંચાઈએ જ રહેશે. (B) 1 સેમી / કલાકના દરથી ઘટશે.

(C) 2 સેમી / કલાકના દરથી ઘટશે. (D) 2 સેમી / કલાકના દરથી વધશે.

**25. એક વિદ્યાર્થી સ્ટ્રો દ્વારા પાણી ચૂસતા તેના ફેફસાનું દબાણ 750 mm પારા (ઘનતા 13.69 g/cm$^3$) ની ઊંચાઈ જેટલું થાય છે તો આ સ્ટ્રો દ્વારા તે પાણીના ગ્લાસની .......... મહત્તમ ઊંડાઈ સુધી પાણી પી શકશે.**

(A) 10 સેમી (B) 75 સેમી (C) 13.6 સેમી (D) 1.36 સેમી

**26. માણસની વૃધ્ધાવસ્થામાં લોહી લઈ જતી શરીરની નસો સાંકડી પડવાથી લોહીનું દબાણ વધે છે. આ બાબત .......... ના નિયમ પ્રમાણે થાય છે.**

(A) પાસ્કલ (B) સ્ટોક (C) બર્નુલી (D) આર્કિમિડીઝ

**27. આકાર સ્થિતિસ્થાપકતા અંક (shear modulus) નું મૂલ્ય શૂન્ય .......... માટે હોય છે.**

(A) ઘન પદાર્થ (B) પ્રવાહી પદાર્થ

(C) વાયુ (D) પ્રવાહી અને વાયુ પદાર્થો

**28. એક સાબુના પાતળા સ્તરનું ક્ષેત્રફળ 10 cm × 6 cm થી 10 cm × 11 cm વધારવા માટે 3.0 × 10$^{-4}$J કાર્ય કરવુ પડતું હોય તો આ પાતળા સ્તરનું પૃષ્ઠતાણ ........ થશે.**

(A) $5 \times 10^{-2}$ N/m (B) $3 \times 10^{-2}$ N/m (C) $1.5 \times 10^{-2}$ N/m (D) $1.2 \times 10^{-2}$ N/m

**29. જો તારની લંબાઈ વધી *l* થતી હોય તો આ માટે થયેલ કાર્ય....**

(A) $\frac{YA(l-l')}{l}$ (B) $\frac{YA(l-l')^2}{l}$ (C) $\frac{1}{2}\frac{YA}{l}(l-l')^2$ (D) $2\frac{YA}{l}(l-l')^2$

**30. આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે એક દોરાને ફ્રેમ પર ઢીલો બાંધીને ફ્રેમને સાબુના દ્રાવણમાં બોળી બહાર કાઢી લેવામાં આવે છે. હવે આખી ફ્રેમમાં સાબુના દ્રાવણનું પાતળુ સ્તર રહેલ છે. જો A ભાગમાં પીન દ્વારા કાણું કરવામાં આવે તો દોરો ..........**

GYAN GATHA

(A) A તરફ અંતર્ગોળ બનશે

(B) A તરફ બહિર્ગોળ બનશે

(C) B ના સંદર્ભમાં A ના કદપ્રમાણે દોરાનો આકાર રહેશે.

(D) પહેલા જેવી જ સ્થિતિ રહેશે

